## (૨૪) ગુનાહ માફ કરી દેવાશે

**(i)** જ્યારે પણ કોઈ ખતા થઈ જવા પામે અથવા નાનો—મોટો ગુનાહ થઈ જાય અને અલ્લાહ તઆલાથી તવબા કરવા ચાહે તો અલ્લાહ તઆલા તરફ મુતવજ્જેહ (ધ્યાનસ્થ) થાય અને બંને હાથ અલ્લાહ તઆલા તરફ ઉઠાવીને આ દુઆ પઢે :

اَللّٰهُمَّ اِنِّیْ اَتُوْبُ اِلَیْکَ مِنْهَا
لَا اَرْجِعُ اِلَیْهَا اَبَدًا ط

**અર્થ** : હે અલ્લાહ ! હું તારી સામે આ (ખતા યા ગુનાહ)થી તૌબા કરું છું અને (સંકલ્પ કરું છું કે) હવે પછી કદાપિ આ (ખતા યા ગુનાહ નહિ કરું).

હદીસ શરીફમાં છે કે જે માણસ આ રીતે તૌબા કરશે તો એના ગુનાહ માફ કરી દેવાશે, શર્ત આ છે કે બીજી વાર તે જ ગુનાહ ન કરે. (હિસ્ન)

**(ii) કોઈ ભયંકર અપરાધ થઈ જવા પામે તો આ શબ્દો ત્રણ વાર પઢે :**

اَللّٰهُمَّ مَغْفِرَتُکَ اَوْسَعُ مِنْ ذُنُوْبِیْ
وَرَحْمَتُکَ اَرْجٰی عِنْدِیْ مِنْ عَمَلِیْ ط

**અર્થ** : હે અલ્લાહ ! તારી મગફિરત મારા ગુનાહોથી ઘણી જ વિશાળ છે અને મને પોતાના અમલની સરખામણીમાં તારી રહમતની ઘણી વધારે ઉમ્મીદ છે.

## (૨૬) જાનમાલ અને પરિવારની હિફાઝત માટેનો અમલ

એક સહાબી (રદિ.)એ અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! મને પોતાના જાન, પોતાની અવલાદ, પોતાના પરિવારજનો અને પોતાના માલ વિશે (સદા) ભય રહ્યા કરે છે. આપે ઈરશાદ ફરમાવ્યો : સવાર–સાંજ આ દુઆ પઢી લો :

بِسْمِ اللّٰهِ عَلٰى دِيْنِيْ وَنَفْسِيْ وَوَلَدِيْ
وَاَهْلِيْ وَمَالِيْ ط

**બિસ્મિલ્લાહિ અલા દીની વ નફ્સી વ વ-લદી વ અહ્લી વ માલી.**

**અર્થ** : અલ્લાહ તઆલાના નામની બરકત થાય મારા દીનધર્મ, મારા જાન, મારી અવલાદ, મારા પરિવારજનો અને મારા માલ પર.

થોડા દિવસ પછી આ સહાબી આવ્યા તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ પૂછયું : હવે શું હાલ છે ? અરજ કરી : કસમ છે તે ઝાતની, જેણે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને સત્યની સાથે નબી બનાવીને મોકલ્યા છે, મારો બધો જ ખોફ દૂર થઈ ગયો છે. (કન્ઝુલ ઉમ્માલ : ૨/૨૩૬)

## (૨૭) મુશ્કેલ કામની આસાની માટે અને સંકટ સમયે પઢવાની દુઆ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط
اَللّٰهُمَّ لَا سَهْلَ اِلَّا مَا جَعَلْتَهٗ سَهْلًا وَّاَنْتَ

تَجْعَلُ الْحَزَنَ سَهْلًا اِذَا شِئْتَ ط

**અર્થ** : હે અલ્લાહ ! કોઇ પણ કામ આસાન નથી. સિવાય કે જેને તું આસાન કરી દે અને જ્યારે તું ચાહે છે ત્યારે પથરીલી જમીન (મુશ્કેલ કામો)ને પણ નરમ અને હમવાર (સપાટ) કરી દે છે. (હિસ્ને હસીન)

## (૨૮) ઝુલ્મ, આફત, મુસીબત, જાદૂ અને શયતાનની શરારતથી હિફાઝતની દુઆ

નીચે દર્શાવેલી દુઆ હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ પોતાના ખાસ ખાદિમ હઝરત અનસ ઇબ્ને માલિક (રદિ.)ને અચાનક આવી પડતી મુસીબતો અને દુર્ઘટનાઓથી બચવા માટે શિખવાડી હતી. આ દુઆની બરકતથી તેઓ દરેક પ્રકારના ઝુલ્મ–સિતમ અને ફિત્નાઓથી મહફૂઝ રહ્યા. ઘણા સહાબએ કિરામ (રદિ.)નો આ મા'મૂલ (નિત્યક્રમ) રહ્યો હતો. સવાર–સાંજ એક વખત આ દુઆ પઢયા કરો. ઝાલિમના ઝુલ્મથી, જાદૂગરના જાદૂથી, શયતાનની શરારતથી અલ્લાહ તઆલા હિફાઝત ફરમાવશે અને કોઇ પ્રકારની તકલીફ અને આફત પહોંચશે નહિ, ઇન્શા અલ્લાહ..... દુઆ આ પ્રમાણે છે :

بِسْمِ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ، مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ، لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ، بِسْمِ اللّٰهِ عَلٰى دِيْنِىْ وَنَفْسِىْ، بِسْمِ اللّٰهِ عَلٰى اَهْلِىْ وَمَالِىْ، بِسْمِ اللّٰهِ عَلٰى كُلِّ شَىْءٍ اَعْطَانِيْهِ رَبِّىْ، بِسْمِ اللّٰهِ خَيْرِ الْاَسْمَآءِ، بِسْمِ اللّٰهِ رَبِّ الْاَرْضِ وَالسَّمَآءِ، بِسْمِ اللّٰهِ الَّذِىْ لَا يَضُرُّ مَعَ اِسْمِهٖ دَآءٌ، بِسْمِ اللّٰهِ افْتَتَحْتُ وَ

**મુસ્તહબ એઅતિકાફ માટે હઝરત શયખુલ હદીસ (રહ.) લખે છે કે,**

ઈમામ મુહમ્મદ (રહ.)ના મતે થોડીક વારનો એઅતિકાફ પણ જાઈઝ છે અને તેના ઉપર જ ફતવો છે એટલે કે દરેક વ્યકિતને જોઈએ કે જ્યારે પણ મસ્જિદમાં દાખલ થાય ત્યારે એઅતિકાફની નિય્યત કરી લે કે જેથી નમાઝ વગેરેમાં વ્યસ્ત (મશ્ગુલ) રહે તો પણ એઅતિકાફનો સવાબ મળતો રહે. મેં મારા વાલિદ સા. નવ્વરલ્લાહુ મરકદહૂને જોયા કે તેમની એ આદત હતી કે, જ્યારે પણ મસ્જિદમાં તશરીફ લાવતા તો જમણો પગ અંદર મૂકતાંની સાથે જ એઅતિકાફની નિય્યત કરી લેતા. કેટલીક વાર સેવકોની તા'લીમ અર્થે જોરથી પણ એઅતિકાફની નિય્યત કરતા.

(ફઝાઈલે રમઝાન, પેજ : ૫૦)

## એઅતિકાફ માટે સર્વોત્તમ જગ્યા

સૌથી ઉત્તમ તે એઅતિકાફ છે, જે મસ્જિદે હરામ એટલે કે કા'બા શરીફમાં કરવામાં આવે, તે પછી મસ્જિદે નબવી (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો એઅતિકાફ, તે પછી મસ્જિદે બયતુલ મુકદસ અને ત્યાર પછી તે જામા મસ્જિદ જે જમાઅતથી નમાઝ થતી હોય. જો જામા મસ્જિદમાં જમાઅતનો બંદોબસ્ત ન હોય તો મહોલ્લાની મસ્જિદ ઉત્તમ છે. એના પછી એ મસ્જિદ જ્યાં મોટી જમાઅત થતી હોય. અવરતોએ પોતાના ઘરમાં જ્યાં નમાઝ પઢે છે, ત્યાં એઅતિકાફ કરવો અફઝલ છે.

(ઈલ્મુલ ફિકહ : ભાગ–૩, પેજ : ૪૬)

# રસૂલુલાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો એઅતિકાફ

નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની મુબારક આદતે શરીફહ એ હતી કે, રમઝાનનો છેલ્લા દસ દિવસનો એઅતિકાફ ફરમાવતા હતા. જેવો રમઝાનનો છેલ્લો અશરહ આવતો તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) માટે મસ્જિદે મુકદ્દસમાં ખાસ એક જગ્યા નકકી કરી દેવામાં આવતી અને ત્યાં આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) માટે કોઈ પરદો, ચટાઈ વગેરેથી આડ કરી દેવામાં આવતી અથવા કોઈ નાનો તંબુ જેવો બનાવી દેવામાં આવતો અને આખી રાત ઈબાદત કરી પછી વીસ તારીખની સવારની નમાઝ પઢી આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ત્યાં ચાલ્યા જતા અને ઈદનો ચાંદ જોઈને મસ્જિદમાંથી બહાર તશરીફ લાવતા. તે દરમિયાન આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ઝિયારત જો કોઈ પાક બીબીઓ કરવા ઈચ્છા ધરાવતાં તો તેઓ ત્યાં જ તશરીફ લઈ જતાં અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પાસે થોડીક વાર બેસી પાછા ચાલ્યાં આવતાં. એકદમ સખત જરૂરત વગર આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ત્યાંથી બહાર તશરીફ ન લાવતા. એક વખત આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને પોતાનું માથું મુબારક ધોવડાવવું હતું તો ઉમ્મુલ મુઅમિનીન હઝરત આયશા સિદ્દીકા (રદિ.) માસિક (હૈઝ)માં હતાં તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ માથું મુબારક ખીડકીની બહાર કરી દીધું તો ઉમ્મુલ મુઅમિનીન હઝરત આયશા સિદ્દીકા (રદિ.)એ માથું ચોળીને સાફ કરી દીધું.

(સહીહ બુખારી વગેરે) (ઈલ્મુલ ફિકહ, ભાગ–૩, પેજ–૪૫)

## પૈસા આપી એઅતિકાફ કરાવવો કેવું છે ?

**સવાલ** : કંઈક પૈસા આપી એઅતિકાફ કરાવવું કેવું છે ?

**જવાબ** : પૈસા (બદલો) વગેરે આપી એઅતિકાફ કરાવવું એ બરાબર નથી, કારણ કે ઈબાદત માટે મજૂરી આપવી અને લેવી એ બન્ને નાજાઈઝ છે. હા, નક્કી કર્યા વગર એઅતિકાફ કરાવ્યો અને બદલો (વળતર) આપવાનો કોઈ ઈશારો પણ ન હોય ત્યાં કંઈક આપી શકો છો, બલકે આ તો આપનું આ કાર્ય અમ્ર બિલ મઅરૂફમાં ગણાશે.

(ફતાવા દારુલ ઉલૂમ ભાગ–૬, પેજ–૫૧૬, દુર્રે મુખ્તાર બાબ સલાત જનાઈઝ ભાગ–૧, પેજ–૮૦૪)

**જો એક આબાદીનો માણસ બીજી આબાદીમાં એઅતિકાફ કરે તો સુન્નત કઈ આબાદી (વસતી)ની થશે ?**

**સવાલ** : જો એક વસતીનો માણસ બીજા ગામમાં જઈને એઅતિકાફ કરે તો સુન્નતે કિફાયહ કઈ આબાદી (વસતી)ની અદા થશે ?

**જવાબ** : ફુકહાની ઈબારતથી માલમ પડે છે કે તે ગામના લોકોની ઝિમ્મેદારી પૂરી થાય છે જે ગામમાં એઅતિકાફ થયો એટલા માટે કે એઅતિકાફ અશ્શહર સુન્નતે કિફાયહ છે. જુનો સંબંધ દરેક વસતી સાથે છે. જે વસતીમાં એઅતિકાફ છૂટવાથી ત્યાંના લોકો જ ગુનેહગાર થશે એવી જ રીતે તે વસતીમાં એઅતિકાફ કરવાથી તે વસતીના લોકોનો છૂટકારો થશે જેમાં એઅતિકાફ થયો હોય અને તે પણ અજનબી માણસે કર્યો અને

શહેર કે ગામના લોકોથી આ સુન્નત અદા થયેલી ગણાશે.

(ફતાવા દારુલ ઉલૂમ ભાગ–૬, પેજ–૫૧૬)

**સવાલ** : મોટા કસ્બાની મસ્જિદમાં એઅતિકાફ કરવાથી નજદીકના નાના કસ્બાની ઝિમ્મેદારી સુન્નતે કિફાયહ અદા થઈ જશે ?

**જવાબ** : મોટા કસ્બાની મસ્જિદમાં એઅતિકાફ કરવાથી નાના કસ્બાના લોકોની સુન્નતે કિફાયહ અદા થશે નહિ.

(ફતાવા દારુલ ઉલૂમ ભાગ–૬, પેજ–૫૦૬, દુર્રે મુખ્તાર)

## સુન્નત એઅતિકાફ કયારથી કયાં સુધી છે ?

**રમઝાન શરીફની વીસમી તારીખથી સૂરજ (ગુરૂબ) આથમ્યાની થોડીવાર પહેલાં સુન્નત એઅતિકાફ શરૂ થઈ જાય છે** અને રમઝાનની ૨૯ કે ૩૦ તારીખે એટલે કે જે વખતે ઈદનો ચાંદ દેખાઈ જાય ત્યાં સુધી છે. હા, અગર સૂર્યાસ્ત પહેલાં જ ચાંદ દેખાય જાય તો સૂરજ ગુરૂબ થાય પછી જ એમને ઉઠવું, ત્યાં સુધી એઅતિકાફમાં બેસવું જરૂરી છે.

(બેહિશ્તી ઝેવર ભાગ–૩, પેજ–૨૩, શામી, ભાગ–૨, પેજ–૧૭૯)

**સવાલ : દસ દિવસથી ઓછા સમયના એઅતિકાફ વિશે :**

જો કોઈ શરીરની કમજોરીના લીધે પૂરા દસ દિવસ એઅતિકાફ નહિ કરી શકે અને ત્રણ કે પાંચ દિવસ પછી

એટલે કે ૨૧ અને ૩૦ વચ્ચે એઅતિકાફ કરે તો સુન્નતનો સવાબ મળશે ?

**જવાબ** : સુન્નત એઅતિકાફ છેલ્લા દસ દિવસના બંધારણ સાથે છે અને જો આ બંધારણ પળાયું નહિ તો પછી સુન્નત અદા નહિ થાય, બલકે નફલ થશે.

(ઈમદાદ ફતાવા નવો ભાગ : ૨, પેજ : ૧૫૪)

## એકવીસમી રાતે એઅતિકાફમાં બેસે તો શું હુકમ છે ?

**સવાલ** : જે વ્યકિત એકવીસમી રાતે સેહરી ખાઈ સુબ્હે સાદિકથી પહેલાં એઅતિકાફની નિય્યત કરીને મસ્જિદમાં દાખલ થયો, તેનો એઅતિકાફ બરાબર થશે કે નહિ ?

**જવાબ** : સુન્નત આ પ્રમાણે છે કે વીસમી તારીખે સૂર્યાસ્ત (ગુરૂબ)ની પહેલાં જ મસ્જિદમાં દાખલ થઈ જાય. હવે જો એના પછી કોઈ પણ વખત દાખલ થાય તો નફલ થશે અને છેલ્લા દસ દિવસની સંપૂર્ણ એઅતિકાફની ફઝીલત મળશે નહિ. હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ સંપૂર્ણ છેલ્લા દસ દિવસનો એઅતિકાફ કર્યો છે, જેની શરૂઆત વીસમી તારીખની સાંજથી જ થાય છે.

(ફતાવા દારુલ ઉલૂમ ભા. ૬, પેજ : ૫૦૮, દુર્રે મુખ્તાર ભાગ–૨, પેજ : ૧૭૭)

**સવાલ** : એક મુસાફિર મોલ્વી સાહેબ બે વરસથી અહીં છે. તેઓ એઅતિકાફના ઘણા ફાયદા બતાવે છે, પણ પોતે બેસતા નથી અને કારણ એ આગળ કરે છે કે, મારી સાથે

મારા ઘરમાં રહેવાવાળું કોઈ નથી. મારા સગાવહાલાં નથી, ઘર પાસે મેદાન છે, જેથી બીવી–બચ્ચાં ગભરાય છે. કોઈક વાર પથ્થરમારો પણ થાય છે. તો શું મોલ્વી સાહેબનો વાંધો બરાબર છે ?

**જવાબ** : ઉપર મુજબના કારણોને લઈને એઅતિકાફ છોડે તો વાંધો નથી અને તેમને મલામત પણ કરવી નહિ, કારણ કે છેલ્લા દસ દિવસનો રમઝાનનો એઅતિકાફ સુન્નત અલલ કિફાયહ છે.

(ફતાવા દારુલ ઉલૂમ ભા. ૬, પેજ : ૫૦, દુર્રે મુખ્તાર ભાગ–૨, પેજ : ૧૭૭)

## રોઝો રાખવાની શકિત નથી તો સુન્નત એઅતિકાફ થઈ જશે ?

**સવાલ** : રમઝાનના છેલ્લા દસ દિવસનો એઅતિકાફ કરવાનો ઈરાદો છે, પણ રોઝો રાખવાની તાકાત નથી તો રોઝા વગર એઅતિકાફ બરાબર છે કે નહિ ?

**જવાબ** : સુન્નત એઅતિકાફ માટે રોઝો રાખવો જરૂરી છે, જેથી રોઝા વગરનો એઅતિકાફ નફલી છે, સુન્નત એઅતિકાફ નથી જ. (ફતાવા રહીમીય્યહ ભાગ–૩, પેજ–૧૧૦)

## નાબાલિગ બાળકનો એઅતિકાફ કરવો કેવો છે ?

**સવાલ** : નાબાલિગ (સગીર) બાળક રમઝાનમાં છેલ્લા

દસ દિવસનો એઅતિકાફ કરી શકે છે કે નહિ ? અહીં એક નાબાલિગ છોકરાએ એઅતિકાફ કર્યો છે, જાઈઝ ન હોય તો ઉઠાવી દઈએ ?

**જવાબ** : નાબાલિગ છોકરો અગર સમજદાર હોય. નમાઝને સમજતો હોય અને બરાબર પઢતો હોય તો તેનો એઅતિકાફ થઈ શકે છે. આ એઅતિકાફ નફલ થશે, સુન્નત નહિ. અને જો છોકરો નાસમજ હોય તો એતિકાફમાં ન બેસે, કારણ કે મસ્જિદની બેઅદબીનો ભય છે.

(ફતાવા રહીમીય્યહ, પેજ–૨૦૬)

**નોંધ : ઘણી મસ્જિદમાં છેલ્લા દસ દિવસ નાના બાળકો એઅતિકાફમાં બેસે છે, વાતચીત કરે છે અને આજુબાજુવાળા મુઅતકિફોને તકલીફ થાય છે તેમ થવું જોઈએ નહિ. મુઅતિકાફ સૂતેલો હોય તો તેના નજદીક જોરથી કુર્આન શરીફની તિલાવત કરવાને બદલે આહિસ્તા આહિસ્તા તેને તકલીફ ન થાય એ રીતે પઢવું. અને મુઅતકિફને તકલીફ થતી હોય તો તેના ઉપરની લાઈટ પણ બંધ કરી દેવી જોઈએ.**

**(અનુવાદક)**

## જેના શરીરમાંથી દુર્ગંધ આવતી હોય તે એઅતિકાફમાં બેસે ?

**સવાલ** : એક વ્યકિતને જન્મથી જ નાકની બીમારી છે, જેથી કરીને દુર્ગંધ આવે છે. ઈલાજ કરવા છતાં પણ ફાયદો થતો નથી તો તે વ્યકિત એઅતિકાફમાં બેસે કે નહિ ? અને તે માણસ પાંચ વખતની નમાઝ પઢવા માટે મસ્જિદમાં જઈ

શકે ? જો બીજા નમાઝી તે દુર્ગંધ સહન કરવા રાજી હોય, બલકે તેની ગેરહાજરીથી દુ:ખ થતું હોય તે છતાં તે માણસ મસ્જિદમાં અદબ ખાતર જાય કે નહિ ?

**જવાબ** : હદીસ શરીફમાં છે કે, 'જે વ્યકિત દુર્ગંધવાળા ઝાડથી ખાય, તે અમારી મસ્જિદ પાસે ન આવે. એટલા માટે કે જે વસ્તુથી ઈન્સાનને તકલીફ પહોંચે છે, તે વસ્તુથી ફરિશ્તાને પણ તકલીફ થાય છે.'

એટલા માટે જેના શરીરના કોઈ હિસ્સામાંથી દુર્ગંધ આવતી હોય, તેનાથી લોકો નારાજ હોય કે અણગમો હોય તો તેવા માણસે મસ્જિદમાં પણ ન આવવું અને એઅતિકાફમાં પણ બેસવું ન જોઈએ.' વસીલહ અહમદિયા શરહ તરીકા મુહમ્મદિય્યહમાં છે કે, જે વ્યકિતના શરીરમાંથી તકલીફ આપે એવી દુર્ગંધ આવતી હોય તો તેને મસ્જિદમાંથી કાઢી મૂકવો જોઈએ.

આ હુકમ તે વખતે છે કે, જ્યારે દુર્ગંધ એટલી હદે હોય કે તે સહન કરી શકાતી ન હોય, પરંતુ જો લોકો તેને સહન કરી લેતા હોય તો પછી આ હુકમ નથી. તે છતાં પણ તેવા માણસે પોતે મસ્જિદમાં આવવાથી પરહેઝ કરવો જોઈએ. એટલા માટે કે મસ્જિદ એ ફરિશ્તાઓની હાજર થવાની જગ્યા છે. જો વધારે દુર્ગંધ ન હોય તો નમાઝ માટે અત્તર કે ખુશ્બુ વગેરે લગાવીને જાય.

## શું સ્ત્રી એઅતિકાફ કરી શકે છે ?

સ્ત્રી પોતાના ઘરમાં જ્યાં નમાઝ પઢે છે ત્યાં જ એઅતિકાફ કરે અને તેનું ત્યાં એઅતિકાફ કરવું એવું છે, જેમ કે પુરૂષ

જમાઅત થતી હોય તેવી મસ્જિદમાં એઅતિકાફ કરે છે. ત્યાંથી જરૂરી હાજત વગર બીજા સમયે ત્યાંથી ખસે નહિ. સ્ત્રીઓ માટે એ પણ જાઈઝ છે કે જ્યાં નમાઝ પઢે છે તે સિવાયની જગ્યા ઉપર પણ એઅતિકાફ કરી શકે છે અને નમાઝની કોઈ જગ્યા મુકર્રર ન હોય તો ઘરમાં કોઈ જગા મુકર્રર કરી લે અને ત્યાં એઅતિકાફ કરે.

(ફતાવા આલમગીરી ભાગ–૨, પેજ–૩૦)

ફઝાઈલે રમઝાનમાં છે કે, સ્ત્રીએ પોતાના ઘરની મસ્જિદમાં એઅતિકાફ કરવો જોઈએ, કોઈ જગ્યા નકકી કરી લે. સ્ત્રીઓને પુરુષોની સરખામણીમાં એઅતિકાફ કરવું વધારે સહેલું છે. ઘરમાં બેઠાં બેઠાં ઘરનું કામ છોકરીઓ સાથે લેતી રહે અને મફતમાં સવાબ મળતો રહે, પરંતુ આટલું હોવા છતાં સ્ત્રીઓ જાણે છે કે આ સુન્નતથી બિલકુલ વંચિત રહે છે.

(ફઝાઈલે રમઝાન, પેજ : ૫૧)

## શું પત્નીએ એઅતિકાફ કરવા માટે પતિની ઈજાઝત લેવી જરૂરી છે ?

પત્નીની–જો તેનો પતિ હોય તો તેની રજા વગર એઅતિકાફ ન કરે અને જો પતિ પત્નીને રજા આપી ચૂકયો છે તો હવે પછી તેને રોકવાનો ઈખ્તિયાર નથી. જો ઓરતે એઅતિકાફની નઝર કરી છે તો પતિ પત્નીને રોકી શકે છે. અને જયારે પત્ની પતિના નિકાહમાંથી નીકળી જાય અને ગુલામ–બાંદી આઝાદ થઈ જાય તો તે વખતે તેની કઝા કરવી.

(ફતાવા આલમગીરી ઉર્દૂ પાકિસ્તાની ભાગ–૨, પેજ–૩૧)

## જો સ્ત્રીને એઅતિકાફની હાલતમાં માસિક આવી જાય તો ?

**સવાલ** : જો સ્ત્રીને એઅતિકાફની હાલતમાં માસિક આવી જાય તો બાકીના દિવસોના એઅતિકાફની કઝા કરશે કે નહિ ?

**જવાબ** : જો સ્ત્રીને એઅતિકાફની હાલતમાં માસિક આવી જાય તો જે દિવસે હૈઝ (માસિક) આવી ગયું તેટલા જ દિવસોની કઝા વાજિબ છે. (અહસન ફતાવા ભા. ૪, પેજ : ૫૦૨)

આ મસ્અલાની ચોખવટ બેહિશ્તી ઝેવરના બાજુના હાંસિયામાં આ રીતે કરવામાં આવી છે કે, જો સ્ત્રીને એઅતિકાફ દરમિયાન માસિક આવી જાય અથવા ખૂન દેખાય તો એઅતિકાફ છોડી દે. આ દિવસો દરમિયાન એઅતિકાફ દુરુસ્ત નથી, પણ પાક થવા પછી તેટલા દિવસોની કઝા કરવી જરૂરી છે. પછી આ કઝા રમઝાનમાં જ કરી તો રમઝાનનો રોઝો બસ–કાફી છે અને જો રમઝાન પછી કઝા કરશે તો દિવસનો રોઝો રાખવો જરૂરી છે.

(બેહિશ્તી ઝેવર ભાગ–૩, પેજ–૨૨)

## પાક બીબીઓનો એઅતિકાફ

હઝરત આયશા સિદ્દીકહ (રદિયલ્લાહુ અન્હા)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) રમઝાનના છેલ્લા દસ દિવસનો એઅતિકાફ ફરમાવતા હતા. છેક વફાત સુધી આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો

આ નિત્યક્રમ રહયો. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પછી પણ આપની પાક બીબીઓ પાબંદીથી એઅતિકાફ ફરમાવતાં હતાં.

**ખુલાસો** : અઝવાજે મુતહ્હરાત (પાક બીબીઓ) પોતાના કમરામાં એઅતિકાફ ફરમાવતાં હતાં અને સ્ત્રીઓ માટે એઅતિકાફની જગ્યા તેમના ઘરની તે જ જગ્યા છે, જે જગ્યા તેમણે નમાઝ પઢવા માટે મુકર્રર કરી હોય. જો જગ્યા મુકર્રર ન કરી હોય તો એઅતિકાફ કરવાવાળી સ્ત્રીઓએ એવી જગ્યા મુકર્રર કરી લેવી જોઈએ.

## એઅતિકાફ માટે ચાદરોનો બંદોબસ્ત કરવો કેવું છે ?

**સવાલ** : મસ્જિદના એક ખૂણામાં એઅતિકાફ માટે ચાદરોનો બંદોબસ્ત કરવો કે સગવડ કરવી કેવું છે ? સુન્નત છે કે બિદઅત ?

**જવાબ** : એઅતિકાફ કરવાવાળા માટે મસ્જિદમાં સાઈડ પર ચાદર વગરેનો હુજરો બનાવવું મુસ્તહબ છે અને એમાં સતર (શરીરને ઢાંકવાનો ભાગ)ની હિફાઝત છે. તે સિવાય પણ ઘણી બધી મસ્લિહતો છે.

હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) માટે ચટાઈનો હુજરો બનાવવો સાબિત છે, બિદઅત નથી. અલબત્ત, મુઅતકિફ એ વાતનું ધ્યાન રાખે કે જરૂર કરતાં વધારે જગા ન રોકે, જેથી નમાઝીઓની તકલીફનું કારણ ન બને. સફોને બરાબર કરવામાં રૂકાવટ ન બને. હુઝૂર નબીએ કરીમ

(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ બોરીયા (ગુણપાટ) અને તુર્કી તંબુમાં એઅતિકાફ ફરમાવ્યો છે એનાથી માલૂમ પડે છે કે ચાદર વગેરેથી હુજરા (તંબુ) બનાવી લેવું હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી સાબિત છે, જેથી બિદઅત નથી.

(ફતાવા રહીમીય્યહ, ભાગ : ૫, પેજ–૨૦૫, મિશકાત શરીફ ભાગ : ૪, પેજ : ૩૨૯)

## એઅતિકાફ કરનાર માટે મસ્જિદની ચાદરો અને લાઈટ વાપરવું કેવું છે ?

**સવાલ** : મુઅતકિફ–એઅતિકાફ કરનાર મસ્જિદની ચાદરો વાપરે છે અને દરેક તંબુમાં એક એક બલ્બ હોય છે એવો તંબુ બનાવવાનો શરઈ હુકમ શું છે ? તેમાં મસ્જિદની ચાદરો વાપરવી કેવું છે? અને મુઅતકિફ દિવસ દરમિયાન સૂઈ રહે છે અને રાત્રે વાતોમાં મશગૂલ રહે છે તો મહેરબાની કરી આ વિશે પણ લખશો.

**જવાબ** : એઅતિકાફ કરનાર માટે આડ કરવી, તંબુ બનાવવો એ મુસ્તહબ છે. અગર કોઈએ મસ્જિદોમાં ચાદર રાખી છે તો વાંધો નથી. મસ્જિદના પૈસાથી ખરીદેલ હોય તો દુરુસ્ત નથી. પોતાની ચાદરો વાપરવી જોઈએ.

વીજળી–લાઈટ મસ્જિદના દસ્તુર મુજબ ચાલતી રહે તો વાપરવું દુરુસ્ત છે અને ચોક્કસ નક્કી કરેલા સમય કરતાં વધારે વાપરવું ઠીક નથી, **જેથી વધારે જેટલી વીજળી વપરાય, મુઅતકિફ બધાં ભેગા મળીને રકમ ચૂકવી દે, મસ્જિદનો હક બાકી ન રહે.**

**નોંધ : રાત્રે મસ્જિદમાં વાતો કરવાથી બેહતર એ છે કે સૂઈ જાય અથવા કુરઆને પાકની તિલાવત કર્યા કરે. (અનુવાદક)**

## મસ્જિદમાં વાતો કરવી

**સવાલ** : મુઅતકિફ જરૂરી વાતો કરી શકે છે. ફાલતુ વાતો કરવી જો કે ગુનાહની ન હોય, તેમ છતાં મસ્જિદમાં એ બરાબર નથી. એક હદીસ શરીફમાં છે કે, જયારે કોઈ વ્યકિત મસ્જિદમાં વાતો કરે છે તો ફરિશ્તાઓ તેને કહે છે : ઉસ્કુત યા વલિઅલ્લાહ : અર્થાત : ઓ અલ્લાહના વલી ! ચૂપ રહે. અને જો ચૂપ નહિ રહે અને વાતો ચાલુ રાખે તો ફરિશ્તાઓ તેને કહે છે : ઉસ્કુત યા બગીઝુલ્લાહ : અર્થાત : ઓ અલ્લાહના દુશ્મન ! ચૂપ રહે. અને જો એ પછી પણ ચૂપ નથી થતો અને દુનિયાની વાતોમાં મશગુલ રહે છે તો ફરિશ્તાઓ તેને કહે છે : ઉસ્કુત લઅનતુલ્લાહિ અલયક : અર્થાત : તારા ઉપર અલ્લાહની લા'નત, ચૂપ રહે.

(કિતાબુલ મુદખલ, ભાગ : ૩, પેજ : ૫૫)

## એક જગ્યાએ મસ્જિદમાં જમા થવું

વગર જરૂરતે એક જગ્યાએ મસ્જિદમાં જમા ન થવું. મુઅતકિફ ઈબાદત માટે અને અલ્લાહને રાજી કરવા માટે સવાબ કમાવવા માટે બેસે છે. જો દુનિયાની વાતોમાં મશગુલ રહેશે તો સવાબને બદલે ફરિશ્તાઓની લા'નત અને બદદુઆ લઈને જશે, જેથી મુઅતકિફોને જરૂરી છે કે એક જગ્યાએ

જમા નહિ થાય. પોતપોતાના હુજરામાં દુઆ, તિલાવત, નવાફિલ, ઝિક્ર અને દુરૂદ શરીફ વગેરેમાં જ મશગૂલ રહે અને જે કામ મસ્જિદ બહાર દુરુસ્ત નથી, તે કામ મસ્જિદમાં મુઅતકિફ માટે કેવી રીતે જાઈઝ થાય ?

(ફતાવા રહીમીય્યહ, ભાગ : ૫, પેજ–૨૦૪)

## શું મુઅતકિફ મસ્જિદમાં પલંગ પર સૂઈ શકે છે ?

**સવાલ** : શું મુઅતકિફ પોતાના એઅતિકાફની જગ્યા (હુજરા)માં પલંગ પર સૂઈ શકે ખરો ?

**જવાબ** : હા, મુઅતકિફ મસ્જિદમાં પલંગ પર સૂઈ શકે છે.

(ફતાવા રહીમીય્યહ, ભાગ : ૫, પેજ–૨૦૭, ઈમદાદુલ ફતાવા, ભાગ : ૪, પેજ : ૧૭)

## શું મુઅતકિફ મસ્જિદમાં ચાલી ફરી શકે છે ?

**સવાલ** : શું મુઅતકિફે મસ્જિદમાં જરૂરત પૂરતું ટહેલવું જાઈઝ છે કે નહિ ?

**જવાબ** : મુઅતકિફે મસ્જિદમાં ટહેલવું મુનાસિબ ન હોય તેવું વર્તન કરવું જે આદતની ખિલાફ હોય, બિલકુલ નાજાઈઝ છે અને આ ટહેલવું પણ એવું જ છે, મના કરવામાં આવશે,

પરંતુ મુઅતકિફને જરૂરત–હાજત પૂરતું જાઈઝ છે, પણ ટહેલવાની અદાથી મસ્જિદનો એહતિરામ જળવાય જે જરૂરી છે. એવી રીતે ન ચાલે કે મર્યાદા ન જળવાય.

(ફતાવા રહીમીય્યહ, ભાગ : ૫, પેજ–૨૦૭, ઈમદાદુલ ફતાવા, ભાગ : ૪, પેજ : ૧૭)

## શું મુઅતકિફ (પાદ) હવા છોડવા માટે મસ્જિદની બહાર જઈ શકે છે ?

**સવાલ** : શું મુઅતકિફ (પાદ) હવા છોડવા માટે મસ્જિદની બહાર જઈ શકે છે કે મસ્જિદમાં હવા છોડવાની છૂટ છે ?

**જવાબ** : મુઅતકિફ માટે સહીહ એ છે કે હવા છોડવા માટે મસ્જિદની બહાર ચાલ્યો જાય.

(ફતાવા રહીમીય્યહ, ભાગ : ૫, પેજ–૨૧૨)

**ઈમદાદુલ ફતાવામાં આ મસ્અલહ આ પ્રમાણે છે :**

વધારે દુરુસ્ત વાત એ છે કે, મસ્જિદની બહાર ચાલ્યા જવું જોઈએ અને રિવાયત સહીહ હોવાથી એઅતિકાફ કે વગર એઅતિકાફવાળા બન્ને માટે આ હુકમ છે કે મસ્જિદમાં હવા ન છોડે.

## શું નઝર (મન્નત)વાળો એઅતિકાફ કઝા રોઝાથી થઈ જશે ?

**સવાલ** : નઝર માનેલો એઅતિકાફ રમઝાન માસના કઝા

રોઝાના બદલામાં ચાલે કે નહિ ?

**જવાબ** : જો કોઈએ ખાસ રમઝાન મહિનામાં એઅતિકાફની નઝર માની હોય તો તેને રમઝાનના રોઝાની સાથે રાખી શકાય. જો રમઝાનમાં એઅતિકાફ ન કરી શકયો તો તે જ રમઝાનમાં કઝા રોઝા સાથે પણ અદા કરી શકે છે. નહિ તો પછી ખાસ રોઝા રાખીને એઅતિકાફ બીજા રમઝાનમાં કે વાજિબ આખિરમાં આ એઅતિકાફ અદા થશે નહિ. જો નક્કી કર્યા વગર એઅતિકાફની નિય્યત કરી હશે તો તેમાં અલગ રોઝા રાખવા પડશે, કઝા ચાલશે નહિ.

(અહસન ફતાવા, ભાગ : ૪, પેજ : ૫૦૭, દુર્રે મુખ્તાર, ભાગ–૨, પેજ : ૧૪૨)

## એઅતિકાફની નઝરનો તરીકો

જો કોઈએ એક રાતના એઅતિકાફની નઝર કરી અથવા કોઈ એવા દિવસની નઝર કરી કે જેમાં કંઈક ખાઈ–પી ચૂકયો હોય તો નઝર (મન્નત) અદા થશે નહિ અને એમ કહે કે, અલ્લાહ માટે મારા ઉપર વાજિબ છે કે એક મહિનાનો એઅતિકાફ વગર રોઝાએ કરીશ તો એના ઉપર વાજિબ છે કે, એઅતિકાફ કરે અને એઅતિકાફ માટે શર્ત છે કે રોઝો રાખવો અને એઅતિકાફ માટે જ રોઝો રાખવો. અગર કોઈએ રમઝાન મહિનામાં એઅતિકાફની નઝર માની તો આ નઝર સહીહ છે, પણ તે વ્યકિતએ રમઝાન મહિનાના રોઝા રાખ્યા અને એઅતિકાફ ન કર્યો તો તેના ઉપર વાજિબ છે કે તેની કઝા કરે અને એક મહિનાના રોઝા અને એઅતિકાફ કરે. જો બીજા કોઈ મહિનામાં એઅતિકાફ કરશે તો તેની નઝર અદા થશે નહિ. એ માટે જે રોઝા પોતાના સમયમાં છૂટી ગયા અને

જે વસ્તુ પોતાની જાત માટે વાજિબ થાય તે બીજાથી અદા ન થાય. અહીં સુધી કે કોઈ બીજા મહિનાની નઝર માની તો રમઝાનમાં અદા થશે નહિ. જો એઅતિકાફમાં રોઝો તોડી નાખ્યો તો ફરી એક માસના રોઝા એઅતિકાફ સાથે કઝા કર્યા તો જાઈઝ છે. એટલે કઝા અસલની બરાબર થઈ, જેથી સવારમાં કોઈનો નફલ રોઝો હતો અને કંઈક સમય પસાર થવા પછી કહે કે અલ્લાહ માટે આ વાજિબ છે કે આજના રોઝાનો એઅતિકાફ કરું છું તો તે એઅતિકાફ સહીહ થશે નહિ, કારણ કે એઅતિકાફ વાજિબ વગર વાજિબ રોઝાથી થશે નહિ. સવારે રોઝા નફલ હતો તો વાજિબ નહિ થાય.

(આલમગીરી ઉર્દૂ ભાગ–૨, પેજ–૩૦)

## એઅતિકાફ તૂટવા ઉપર કઝાનો શું હુકમ છે ?

**સવાલ** : જો કોઈ કારણથી એઅતિકાફ તૂટી જાય તો કઝા વાજિબ છે ?

**જવાબ** : નફલ એઅતિકાફની કઝા વાજિબ નથી, કારણ કે તે મસ્જિદની બહાર જવામાં તૂટતો નથી, બલકે પૂરો થઈ જાય છે. એઅતિકાફ નઝરનો હોય કે માનેલો તૂટી જાય તો દરેક દિવસની કઝા વાજિબ છે. ફરીથી એટલા જ દિવસો પૂરા કરે, કારણ કે એમાં લગાતાર (કન્ટીન્યુઈટી) લાઝિમ છે.

છેલ્લા દસ દિવસના રમઝાનના સુન્નત એઅતિકાફમાં ફકત તે જ દિવસની કઝા વાજિબ છે, જેમાં એઅતિકાફ તૂટી ગયો છે. તૂટી ગયા પછી આ એઅતિકાફ નફલ થઈ ગયો. એક દિવસની કઝા ચાહે તો રમઝાનમાં કરે અથવા રમઝાન

પછી નફલ રોઝાની સાથે કરી લે. એક દિવસની કઝામાં રાત–દિવસમાં બન્નેની કઝા છે બે પછી દિવસની ? એના વિશે કોઈ પાકી વાત જાણવામાં આવી નથી. કાયદાથી માલૂમ પડે છે કે, એઅતિકાફ જો દિવસમાં તુટયો હોય તો ફકત દિવસની કઝા કરે, સુબ્હે સાદિકથી શરૂ કરી ગુરૂબે આફતાબ સુધી એઅતિકાફ કરે.

પણ જો રાતના એઅતિકાફ તૂટયો હોય તો રાત–દિવસ બન્નેની કઝા વાજિબ છે. સૂર્યાસ્ત પહેલાંથી શરૂ કરી બીજા દિવસે સૂર્યાસ્ત પછી એટલે કે ૨૪ કલાકનો એઅતિકાફ વાજિબ છે અને કઝા માટે પણ આ જ હુકમ છે.

## સુન્નત એઅતિકાફની કઝા કેવી રીતે કરવી ?

**સવાલ** : રમઝાન મુબારકના છેલ્લા દસ દિવસનો એઅતિકાફ સુન્નતે મુઅક્કદહ અલલ કિફાયહ છે, મજબૂરીના લીધે તોડી નાખ્યો કે ભૂલથી તૂટી ગયો હોય તો તેની કઝા છે કે નહિ ?

**જવાબ** : બતાવેલી સૂરતમાં જે દિવસનો એઅતિકાફ તૂટયો છે, તે દિવસના એઅતિકાફની કઝા રોઝા સાથે લાઝિમ છે, પરંતુ મતફેર (ઈખ્તિલાફ) લઈને સાવચેતી ખાતર ઈખ્તિલાફથી બચવા રમઝાન પછી દસ દિવસના રોઝા સાથે કઝા કરે તો બેહતર છે.

(ફતાવા રહીમીય્યહ, ભાગ : ૩, પેજ–૧૧૦,
હવાલો : દુર્રે મુખ્તાર, ભાગ : ૨, પેજ : ૧૮૦)

## નફલ એઅતિકાફ તોડવાથી કઝા વાજિબ છે કે નહિ ?

**સવાલ** : નફલ એઅતિકાફમાં સખત જરૂરતથી એક રાત–દિવસથી પહેલાં બહાર નીકળી જાય અથવા રાત–દિવસથી વધારે બેસીને નીકળે કે રમઝાન પૂરો થવા પહેલાં નીકળે તો શું હુકમ છે ?

**જવાબ** : નફલ એઅતિકાફ તોડી નાખવાથી કઝા નથી, પછી એક દિવસ એક રાતથી પહેલાં હોય કે એક રાત–દિવસ જેટલું થઈ ગયું હોય, કારણ કે નફલ એઅતિકાફ ઓછામાં ઓછો એક મિનિટનો પણ હોય છે, તેના માટે રોઝો પણ શર્ત નથી, પણ વાજિબમાં એઅતિકાફ તૂટવાથી કઝા કરવી પડે અને રોઝો પણ રાખવો પડે. 'ફતાવા દારુલ ઉલૂમ, ભાગ : ૬, પેજ–૫૦૭) રદુલ મુહતાર, બાબે એઅતિકાફ, ભાગ : ૨, પેજ : ૧૭૯)

## જે મસ્જિદની નીચે દુકાનો હોય ત્યાં ઉપર એઅતિકાફની શું શર્ત છે ?

**સવાલ** : જમાઅતખાનું પૂરું બંધાયેલું છે. સહન નીચે દુકાનો છે. આજકાલ જમાઅતની નમાઝ સહનમાં થાય છે. સહનમાં મસ્જિદનો સવાબ નથી. હવે નમાઝ માટે સહનમાં આવવું કેવું છે ? એઅતિકાફ તૂટશે કે નહિ ?

**જવાબ** : પહેલાં તો દુકાનો અગર મસ્જિદ માટે વકફ હોય તો કેટલીક રિવાયતે ફિકહથી તે સ્થળને મસ્જિદ કહેવાની

ગુંજાઈશ છે. જમાઅતની જરૂરિયાત માટે એ રિવાયત ઉપર અમલ જાઈઝ છે અને માની લેવામાં આવે છે એનો હુકમ મસ્જિદનો નથી. તે છતાં જરૂરત વખતે મુઅતકિફનું મસ્જિદ બહાર નીકળવું જાઈઝ છે. જો તે જરૂરત તબઈ હોય કે દીન અને જમાઅત હાસિલ કરવું પણ દીની જરૂરત છે એટલે નીકળવું જાઈઝ છે. ત્રીજું કે પહેલેથી ખબર છે, અને અહીં સુધી આવવું પડશે તો જાણે કે દિલમાં નિય્યત હશે જ, જેથી દિલની નિય્યત ઉપર નીકળવું જાઈઝ થશે.

(ઈમદાદુલ ફતાવા ભાગ–૧, પેજ : ૧૭૪)

## જે મસ્જિદમાં પાંચ ટાઈમ નમાઝ ન થતી હોય ત્યાં એઅતિકાફનો શું હુકમ છે

**સવાલ** : અમારા ગામમાં મસ્જિદમાં પાંચ વખતની નમાઝ થતી નથી, તો તેમાં એઅતિકાફ કરી શકું કે નહિ ?

**જવાબ** : ભલે બીજા ટાઈમોમાં નમાઝ ન થતી હોય, પણ એઅતિકાફના સમયે નમાઝ થતી હોય તો એઅતિકાફ સહીહ થશે. ખુશીથી એઅતિકાફ કરો.

(ફતાવા રહીમીય્યહ, ભાગ : ૨, પેજ–૩૯)

**મસ્જિદ ન હોવાથી પાંચ ટાઈમની નમાઝ થતી હોય એવા મકાનમાં એઅતિકાફ કરવાનો શું હુકમ છે ?**

**સવાલ** : અમારા ગામમાં મસ્જિદમાં પાંચ વખતની નમાઝ થતી નથી, તો તેમાં એઅતિકાફ કરી શકું કે નહિ ?

**જવાબ** : જ્યારે વસ્તીમાં મસ્જિદ નથી, તો જે મકાનમાં પાંચ વખતની જમાઅતથી નમાઝ પઢવાનો બંદોબસ્ત છે તો તેમાં જ એઅતિકાફ કરવો. ઉમ્મીદ છે કે સુન્નતે મુઅક્કદહનો સવાબ મળી જશે અને જો નહિ કર્યો તો બેદરકારીનો ગુનોહ રહેશે. જેટલું થઈ શકે કરી ફીટવું જોઈએ. કબૂલ કરવું અલ્લાહ તઆલાના ઈખ્તિયારમાં છે.

**નોંધ** : જે મકાનમાં પાંચ વખતની જમાઅત સાથે નમાઝ પઢે છે તો ત્યાં જમાઅતનો સવાબ મળી જશે, પણ મસ્જિદનો સવાબ નહિ મળે એટલે કોશિશ કરી જલદીથી મસ્જિદ બનાવો.

## મસ્જિદ શહીદ થાય તો એઅતિકાફ ક્યાં કરવો ?

**સવાલ** : અમારા ગામમાં મસ્જિદ હતી, પરંતુ શહીદ કરી દીધી છે. હાલમાં બીજી જગ્યાએ મદ્રસામાં જમાઅત સાથે નમાઝ અદા કરીએ છીએ તો શું ત્યાં એઅતિકાફ કરી શકાય ?

**જવાબ** : અગર શહીદ કરેલી મસ્જિદમાં એઅતિકાફ કરવું શકય ન હોય અને વસ્તીમાં બીજી મસ્જિદ હોય તો ત્યાં એઅતિકાફ કરવો જોઈએ, એવી સૂરતમાં મદ્રસાનો એઅતિકાફ સ્વીકાર્ય નથી અને બીજી મસ્જિદ ન હોય તો પછી ત્યાં એઅતિકાફ કરી શકાય.

## મુઅતકિફ નકકી જગ્યાએ જ બેસે કે પછી જગ્યા બદલી શકે છે ?

**સવાલ** : મુઅતકિફ પોતાના માટે જગ્યા નક્કી કરી લે છે, તો તેને તે જ જગ્યા ઉપર બેસવું કે પછી જગ્યા બદલી ગમે ત્યાં બેસી શકે છે ?

**જવાબ** : મુઅતકિફ મસ્જિદમાં જ્યાં પોતાનું દિલ ચાહે ત્યાં બેસી શકે છે, કંઈ વાંધો નથી.

(ફતાવા દારુલ ઉલૂમ, ભાગ : ૬, પેજ–૫૦૬) (દુર્રે મુખ્તાર, બાબે એઅતિકાફ, ભાગ : ૨, પેજ : ૩૭૪)

## જે હિસ્સો મસ્જિદનો દબાવીને લીધો હોય ત્યાં મુઅતકિફ રહી શકે છે ?

**સવાલ** : એક મસ્જિદમાં થોડીક જગ્યા દબાવીને દાખલ કરી છે. હવે એમ જોતાં બધો ભાગ મસ્જિદની જમીન દેખાય છે. હવે એ જગ્યાએ મુઅતકિફ બેસી શકે છે ? વુઝૂ માટે બેસી શકે કે નહિ ? એઅતિકાફ તૂટી જશે ? કઝા વાજિબ થશે ?

**જવાબ** : જાહેર છે કે જે જગ્યા દબાવીને મસ્જિદમાં દાખલ કરી હોય તે મસ્જિદ થતી નથી અને એઅતિકાફ માટે ત્યાં જવું કે બેસવું એઅતિકાફ તૂટવાનું કારણ બનશે અને કઝા પણ વાજિબ થશે.

(ફતાવા દારુલ ઉલૂમ, ભાગ : ૬, પેજ–૫૦૫)

## શું મુઅતકિફ જુમ્આ માટે પાસેના કસ્બામાં જઈ શકે છે ?

**સવાલ** : જો મુઅતકિફ એવી આબાદીની મસ્જિદમાં એઅતિકાફ કરે કે જ્યાં જુમ્આ થતી નથી તો શું જુમ્આ પઢવા માટે કસ્બા કે પાસેના મુકામ પર જઈ શકે જ્યાં જુમ્આની નમાઝ થઈ શકે ?

**જવાબ** : એઅતિકાફ એવી મસ્જિદમાં કરવો કે જ્યાં જુમ્આની નમાઝ થતી હોય. જો એવા નાના ગામમાં એઅતિકાફ કરવામાં આવે કે જ્યાં જુમ્આની નમાઝ ન થતી હોય તો એઅતિકાફ કરવાવાળાએ બીજા કસ્બામાં જ્યાં જુમ્આની નમાઝ થતી હોય ત્યાં જવું જાઈઝ નથી. મુકામી જુમ્આ મસ્જિદમાં જવું જાઈઝ છે.

(કિફાયતુલ મુફતી, ભાગ : ૪, પેજ : ૨૩૨)

બેહિશ્તી ઝેવરમાં લખ્યું છે કે મુકામી જુમ્આ મસ્જિદ જુમ્આની નમાઝ માટે એવા સમયે જાય કે તહિય્યતુલ મસ્જિદ અને જુમ્આની સુન્નતો ત્યાં પઢી શકે છે અને નમાઝ પછી સુન્નતો પઢવા માટે થોભવું જાઈઝ છે. આનો સમયનો અંદાજો તે જ વ્યકિત પર છોડવામાં આવે છે. જો અંદાજો ગલત થઈ જાય અને થોડા વધારે સમય પહેલાંથી પણ પહોંચી જાય તો ી. (બેહિશ્તી ઝેવર, ભાગ : ૧૧, પેજ : ૧૦૯, શામી ભાગ : ૨, પેજ ૧૮૩)

જો જુમ્આની નમાઝ માટે જાય અને તે જ મસ્જિદમાં નમાઝ પછી ત્યાં જ થોભી જાય અને એઅતિકાફને પૂરો કરે તો પણ જાઈઝ છે, પરંતુ મકરૂહ છે. (ઈલ્મુલ ફિકહ, ભાગ : ૩, પેજ–૪૮)

## એઅતિકાફની હાલતમાં બચ્ચાઓને ભણાવે તો કેવું છે ?

**સવાલ** : મસ્જિદના ઈમામ સાહબ મદ્રસામાં પઢાવે છે અને તેની ફીસ લે છે. તે રમઝાનના છેલ્લા અશરહમાં એઅતિકાફમાં બાળકોને તાલીમ આપી શકે કે નહિ ?

**જવાબ** : એઅતિકાફ માટે મદ્રસામાંથી રજા મેળવી લેવી, રજા નહિ મળે તો મજબુરન મસ્જિદમાં પઢાવે.

(ફતાવા રહીમીય્યહ ભાગ : ૫, પેજ : ૨૦૨)

## શું મુઅતકિફ સાથે બીજો કોઈ એઅતિકાફ વગરનો ઈફતાર કરે તો ?

**સવાલ** : મસ્જિદના ઈમામ સાહબ એઅતિકાફમાં છે, તેમની સાથે હાફિઝ સાહબ જેમનો એઅતિકાફ નથી તો એ ઈમામ સાહબ સાથે ઈફતાર કરી શકે ?

**જવાબ** : વધારે સાવચેતી એમાં જ છે કે હાફિઝ સાહબ ખારિજ મસ્જિદે શરઈ પોતાના કમરા વગેરેમાં ઈફતાર કરે. જો મસ્જિદમાં દાખલ થતી વખતે નફલ એઅતિકાફની નિય્યત કરી લે અને આ મુજબ નિય્યત કરે : **''નવયતુલ એઅતિકાફ મા દુમ્તુ ફિલ મસ્જિદ''** તો મુઅતકિફની સાથે ઈફતાર કરી શકે છે.

(ફતાવા રહીમીય્યહ ભાગ : ૫, પેજ : ૨૦૩, હવાલો આલમગીરી ભાગ : ૬, પેજ : ૨૧૫)

## મુઅતકિફનું બયતુલ ખલા (ટોયલેટ) માટે નીકળવું કેવું છે ?

જો અત્યંત જરૂરી હોય તો મુઅતકિફ મસ્જિદથી બહાર જાય અને જરૂરતથી ફારિગ થયા પછી ત્યાં થોભે નહિ અને બનતાં સુધી એવી જગ્યાએ પોતાની જરૂરત પૂરી કરે કે જે જગ્યા મસ્જિદની વધારે નજદીક હોય. દા. ત. પાખાના માટે જાય અને તેનું પોતાનું ઘર દૂર હોય અને તેના મિત્રનું ઘર નજદીક હોય તો પોતાના મિત્રના ઘેર જ જાય. હા, પોતાના ઘરની જ આદત હોય અને બીજી જગ્યાએ જરૂરત દફે ન થઈ શકતી હોય તો પછી પોતાના ઘેર જવું જાઈઝ છે.

(બેહિશ્તી ઝેવર, ભાગ : ૧૧, પેજ : ૧૦૯, શામી ભાગ : ૨, પેજ ૧૮૦)

## બયતુલ ખલા (ટોયલેટ) ખાલી ન હોય તો મુઅતકિફ વાટ જુએ ?

**સવાલ** : અગર મુઅતકિફ પોતાની હાજત માટે જાય અને બયતુલ ખલા ખાલી ન હોય તો બહાર ઊભો રહી વાટ જુએ કે પછી તરત પોતાની જગ્યા ઉપર મસ્જિદમાં પાછો ચાલ્યો જાય ? થોડી વાર પછી આવે ? ઘણી વખત આવવું–જવું પડે છે તો શું કરવું ?

**જવાબ** : એવી જરૂરત વખતે ત્યાં જ ઊભો રહી વાટ જોવી જાઈઝ છે. ત્યાં થોભી શકે છે.

**નોંધ** : બીજા લોકોને જોઈએ કે મુઅતકિફવાળા ભાઈને પહેલાં બયતુલ ખલામાં જવા દે. *(પ્રકાશક)*

## ખાવું ખાવા પહેલાં હાથ ધોવા માટે મસ્જિદની બહાર નીકળવું કેવું છે ?

**સવાલ** : શું મુઅતકિફ ખાવું ખાવા પહેલાં કે પછી હાથ ધોઈ શકે છે ? સાબુ કે તેના વગર મંજન કે ટુથપેસ્ટ કે મિસ્વાકથી દાંત સાફ કરી શકે કે નહિ ?

**જવાબ** : મુઅતકિફે હાથ ધોવા માટે મસ્જિદની બહાર નીકળવું જાઈઝ નથી. મસ્જિદની અંદર જ કોઈ વાસણમાં ધોઈ લે. મંજન કે મિસ્વાક વુઝૂની સાથે કરી શકે. ફકત મંજન માટે બહાર ન નીકળવું.

## શું મુઅતકિફ વુઝૂ માટે બહાર નીકળી શકે છે ?

**સવાલ** : શું મુઅતકિફ મસ્જિદ બહાર ફર્ઝ કે નફલ નમાઝ અથવા તિલાવત માટે જઈ શકે છે ?

**જવાબ** : જો મસ્જિદની અંદર બેસી વુઝૂ કરવાની જગા હોય કે પાણી બહાર પડે તો મસ્જિદની બહાર જવું નાજાઈઝ છે. જો એવી જગ્યા નથી તો જાઈઝ છે. વુઝૂ ફર્ઝ નમાઝ, નફલ નમાઝ કે તિલાવત કે ઝિક્ર કોઈ પણ માટે કરવાનું હોય દરેકના માટે આ જ હુકમ છે.

(અહસન ફતાવા પાકિસ્તાન, ભાગ : ૪, પેજ : ૫૦૦)

## મુઅતકિફ માટે તહિય્યતુલ વુઝૂ તહિય્યતુલ મસ્જિદનો શું હુકમ છે ?

**સવાલ** : મુઅતકિફ જયારે પણ વુઝૂ માટે જાય તો તહિય્યતુલ વુઝૂ અને તહિય્યતુલ મસ્જિદની નમાઝ પઢે ?

**જવાબ** : તહિય્યતુલ વુઝૂ પઢે અને તહિય્યતુલ મસ્જિદ દિવસમાં એક વાર પૂરતી છે. (ફતાવા રહીમીય્યહ ભાગ : ૫, પેજ : ૨૧૦)

## નફલ એઅતિકાફમાં ન્હાવા માટે નીકળવું કેવું છે ?

**સવાલ** : એક વ્યકિતએ આખા રમઝાન મુબારકનો એઅતિકાફ કર્યો, તેણે એઅતિકાફ કરતાં પહેલાં આ નિય્યત કરી હતી કે જુમ્આના ગુસ્લે મુસ્તહબ માટે જઈશ. મસ્જિદની હદમાં ગુસલખાનું છે એવા સંજોગોમાં ગુસલ માટે બહાર નીકળી શકે ? જો નિય્યત ન કરી હોય તો જઈ શકે ?

**જવાબ** : રમઝાનના છેલ્લા દસ દિવસનો એઅતિકાફ સુન્નતે મુઅક્કદહ અલલ કિફાયહ છે. આમાં અને નઝર (મન્નત)ના એઅતિકાફમાં "ફર્ઝ ગુસલ" સિવાય જુમ્આ વગેરેના ગુસલ માટે જવાની ઈજાઝત નથી. પહેલા અને બીજા અશરહ (વીસ દિવસ)નો એઅતિકાફ નફલ છે. (નઝર માનેલી ન હોવી જોઈએ.) એમાં જુમ્આ માટે કે (જનાઝાની નમાઝ કે ઈઆદત) નીકળવાની નિય્યત કરી હોય કે નહિ કરી હોય. નીકળવાથી એઅતિકાફ તૂટી જશે. તેને ફાસિદ હોવું નહિ

કહેવાય અને જયારે મસ્જિદમાં પાછો દાખલ થશે તો બીજી વાર નફલ એઅતિકાફ થઈ જશે.

(ફતાવા રહીમીય્યહ ભાગ : ૫, પેજ : ૨૧૦)

## શું મુઅતકિફ ગુસલ પછી નાપાક કપડાં ધોઈ શકે અને ઘેરથી ખાવાનું લાવી શકે ?

**સવાલ** : (૧) મુઅતકિફને જનાબત (નાપાકી) થઈ ગઈ. તેણે ગુસલખાનામાં જઈ ગુસલ કર્યું અને સાથે તેના નાપાક કપડાંને પણ જલદીથી ધોઈ લીધાં. આ કામથી પરવારી આવતી વખતે પાસેના માટલામાંથી પોતાની જરૂરત માટે પાણી ભરતો આવ્યો તો એનો શું હુકમ છે ?

(૨) મસ્જિદમાં ગુસલખાનું નથી, પાસે તળાવ છે. નાપાક કપડાં પહેરેલી હાલતમાં ગુસલકરી ઉભા ઉભા તે કપડાં પાક કરી લે તો ચાલે કે નહિ ?

(૩) મુઅતકિફને ખાવાનું પહોંચાડનાર કોઈ નથી તો પોતે ઘેર જઈ ખાવાનું લાવી શકે કે નહિ ?

**જવાબ** : જો એઅતિકાફ નઝર (મન્નત)નો હોય તો તેમાં ફકત ન્હાવા માટે મસ્જિદની બહાર જઈ શકે છે. કપડાં ધોવા કે પાણી ભરવા માટે થોભવું જાઈઝ નથી અને આમ કરવાથી તેને વાજિબ એઅતિકાફની કઝા કરવી પડશે. અને જો એઅતિકાફ નફલ હોય (આમાં સુન્નત એઅતિકાફ છેલ્લા રમઝાનના દસ દિવસનો શામેલ છે) તો તેમાં કપડાં ધોવા

લોટો ભરવાની ગુંજાઈશ છે, પરંતુ શરત એટલી છે કે મસ્જિદમાંથી ફકત ગુસલ માટે નીકળ્યો હોય.

(૨) ઉપરનો હુકમ આ પ્રમાણે જ છે.

(૩) જો ખાવા લાવવાવાળું કોઈ જ ન હોય તો ખાવાનું લેવા જઈ તરત પાછો ફરે. મસ્જિદની અંદર જ ખાવાનું ખાવું, બહાર ખાવું જોઈએ નહિ અને ખાવાનું પહોંચાડવા માટે કોઈ ઝરીયો હોય તો ખાવાનું લેવા પોતે ન જાય.

(કિફાયતુલ મુફતી ભાગ : ૪, પેજ–૨૩૪)

## મુઅતકિફ ગુસલ માટે પાણી ગરમ કરી શકે ?

**સવાલ** : મુઅતકિફ ગુસલ (નાપાકી દૂર કરવા અથવા જુમ્આ) માટે પાણી ગરમ કરી શકે કે ચૂલો સળગાવી શકે ?

**જવાબ** : મુઅતકિફ નાપાકીના ગુસલ માટે નીકળી શકે છે. બીજા ગુસલ માટે ઈજાઝત નથી. ગરમ પાણી આપવાવાળું કોઈ ન હોય તો પોતે મસ્જિદની હદમાં કરી શકે. જરૂરતે શરઈ છે, તેથી એઅતિકાફમાં કોઈ વિક્ષેપ નહિ પડે. ચૂલો સળગાવીને પાણી ગરમ કરી શકે છે.

## મુઅતકિફ લઘુશંકા (હાજત) માટે ગયો તો ગુસલ કરી શકે ?

**સવાલ** : અગર મુઅતકિફ શરઈ જરૂરી કામ જેવા કે

પેશાબ–પાખાનું વગેરે માટે નીકળે તો ફકત ગરમી માટે મેલ દૂર કરવા સંડાસ જવા પહેલાં કે પછી ગુસલ કરી શકે કે નહિ ?

**જવાબ** : જાઈઝ નથી. એઅતિકાફ ફાસિદ થઈ જશે. અલબત્ત, ગુસલખાનું સંડાસની પાસે જ હોય અને ગુસલ કરવામાં વુઝૂ જેટલો જ સમય લાગે, મોડું ન થાય તો પેશાબ–પાખાનથી પરવારીને ગુસલની ઈજાઝત છે. એમાં એવું પણ થઈ શકે છે કે, કપડાં ઉતારી ફકત લૂંગી પહેરીને જાય અને નળ ખોલી શરીર પણ પાણી નાખી નીકળી આવે, ન સાબુ લગાડે કે ન વધારે શરીરને ચોળે, આવી રીતે સફાઈ તો થશે જ નહિ. અલબત્ત, ઠંડક થઈ જશે અને મસ્જિદ તરફ ચાલતાં ચાલતાં ટુવાલથી શરીર લૂછી લે તો કેટલાક અંશે સફાઈ પણ થઈ જશે. (અહસન ફતાવા, ભાગ : ૪, પેજ : ૫૦૫)

## મજબૂરીના લઈ મચ્યિતને ગુસલ માટે બહાર નીકળવું કેવું છે ?

**સવાલ** : મુઅતકિફ જરૂરતથી નીકળે જેમ કે મય્યિતને ગુસલ આપવા માટે કે કોઈ નહિ હોય અથવા નમાઝે જનાઝહ પઢાવવાવાળો કોઈ ન હોય તો તેના મસ્જિદમાંથી બહાર નીકળવાથી એઅતિકાફ બાકી રહેશે કે તૂટી જશે ?

**જવાબ** : જરૂરી શરઈ હાજત સિવાય બીજી જરૂરતો માટે નીકળવું મુફસીદે એઅતિકાફ છે. દા. ત. બતાવેલી સૂરતમાં ગુસલે મય્યિત કે જનાઝહની નમાઝ કે ગવાહી આપવા માટે કે ચોક્કસ છે કે જો તે ગવાહી નહિ આપશે તો સામે નુકસાન થશે અને હક માર્યો જશે. એવી જ રીતે પાણીમાં ડૂબતાં

માણસને બચાવવા માટે નીકળે તો પણ એઅતિકાફ તો તૂટી જ જશે, પરંતુ ગુનેહગાર નહિ થાય, બલકે આવા સંજોગોમાં નીકળવું જરૂરી છે. (ફતાવા રહીમીય્યહ ભાગ : ૫, પેજ : ૨૦૫, હવાલો તહતાવી અલ મરાકિલ ફલાહ, પેજ : ૪૦૯)

## જનાઝહની નમાઝ માટે બહાર નીકળવું કેવું છે ?

**સવાલ** : મુઅતકિફને ખબર પડી કે જનાઝો આવ્યો છે અને પછી મસ્જિદથી નીકળી જનાઝહની નમાઝ પઢી તો શું એઅતિકાફ તૂટી ગયો અને કઝા લાઝિમ છે ? જો છે તો કેટલા દિવસની ? શું જનાઝહની નમાઝ માટે બહાર નીકળવું હાજતે શરઈય્યહ નથી ?

**જવાબ** : જનાઝહની નમાઝ પઢવાની જગ્યા મસ્જિદથી ખારિજ હશે તો એઅતિકાફ તૂટી જશે અને ઓછામાં ઓછી એક દિવસની કઝા લાગુ પડશે. હિમ્મત હોય તો પૂરા દસ દિવસની કઝા કરે તો તેમાં વધારે સાવચેતી છે. જનાઝહની નમાઝ માટે બહાર નીકળવું હાજતે શરઈય્યહમાં દાખલ નથી.

(ફતાવા રહીમીય્યહ ભાગ : ૫, પેજ : ૨૦૦, હવાલો તહતાવી અલ મરાકિલ ફલાહ, પેજ : ૪૦૯)

મઆરિફ મદીના પેજ : ૯૯માં આ મસ્અલહ આમ લખેલો છે :

અલ્લામા સહારનપુરી (રહ.) ફરમાવે છે કે, હનફિય્યહનો મસ્લક છે કે મુઅતકિફે બીમારના ખબરઅંતર પૂછવા કે

જનાઝહની નમાઝમાં એઅતિકાફની જગ્યાએથી બહાર નીકળવું જાઈઝ નથી, કારણ કે બીમાર પુરસી (ઈયાદત) ફરજ નથી અને તે જ રીતે જનાઝહની નમાઝ ફર્ઝે ઐન નથી, બલકે ફર્ઝે કિફાયહ છે. જેને બીજા લોકો કરી લે છે, જેથી મુઅતકિફે નીકળવું જાઈઝ નથી. સાહિબે દુર્રે મુખ્તાર કહે છે કે, વાજિબ એઅતિકાફમાં જરૂરત વગર એઅતિકાફથી બહાર નીકળવું હરામ છે, પરંતુ નફલ એઅતિકાફમાં બહાર નીકળવું જાઈઝ છે. એઅતિકાફ ખલાસ તો નથી થતો, પરંતુ તેની હદ પર પહોંચી જાય છે. એટલે કે નફલની કોઈ મુદ્દત નકકી નથી, બલકે થોડીક વાર માટે પણ થઈ શકે છે. મુઅતકિફ જયારે નીકળશે ત્યારે તે પૂરો થયેલ ગણાશે.

(મઆરિફ મદીના ભાગ : ૧૦, પેજ : ૯૯)

## શું મુઅતકિફ બીજી જગ્યાએ કુર્આન શરીફ સંભળાવવા જઈ શકે ?

**સવાલ** : એક વ્યકિત હંમેશા છેલ્લા દસકામાં રમઝાનમાં એઅતિકાફમાં બેસે છે. આ વરસે એમ બન્યું કે તે વ્યકિતને કુર્આન શરીફ તરાવીહમાં સંભળાવવા માટે નવાબ સાહબને ત્યાં જવું પડે છે, તો શું આ જાઈઝ છે ?

**જવાબ** : જો એઅતિકાફમાં બેસતી વખતે આ નિય્યત કરે કે, તરાવીહમાં કુર્આન શરીફ સંભળાવવા માટે જઈશ તો જાઈઝ છે. (ફતાવા દારુલ ઉલૂમ ભાગ : ૬, પેજ : ૫૧૨) આ હુકમ નઝરના એઅતિકાફમાં છે, રમઝાનના એઅતિકાફમાં નથી.

## શું મુઅતકિફ અઝાન આપવા માટે જઈ શકે ?

**સવાલ** : શું મુઅતકિફ અઝાન આપવા માટે મસ્જિદની બહારની જગ્યાએ જઈ શકે કે નહિ ?

**જવાબ** : જો અઝાન આપવાની જગ્યાનો દરવાજો મસ્જિદમાં દાખલ છે તો જઈ શકે છે. દરેક વખતે જઈ શકે છે અને જો દરવાજો બહાર છે તો ફકત અઝાન આપવા માટે જ જઈ શકે છે.

*(અહસન ફતાવા ભાગ : ૨, પેજ : ૪૯૮, રદ્દુલ મુહતાર, ભાગ : ૨, પેજ : ૧૮૧)*

## શું મુઅતકિફ બીમારને જોઈ નુસખો (પ્રિસ્કીપ્શન) લખી શકે ?

**સવાલ** : શું મુઅતકિફ બીમારને જોઈ નુસખો (પ્રિસ્કીપ્શન) લખી શકે ?

**જવાબ** : મુઅતકિફ બીમારને જોઈ નુસખો લખી શકે છે, ઈલાજ પણ કરી શકે છે અને મુઅતકિફ હાજત માટે બહાર જાય અને ત્યાં કોઈ પૂછે તો દવા વગેરે હકીકત બતાવે તો જાઈઝ છે. *(ફતાવા દારુલ ઉલૂમ–૬, પેજ : ૫૦૨, રદ્દુલ મુહતાર, ભાગ : ૨, પેજ : ૧૮૪–૧૮૫)*

**નોટ** : પરંતુ એના માટે ઊભા ન રહે, ચાલતા ચાલતાં બતાવી આપે. **(પ્રકાશક)**

## મુઅતકિફને મુકદ્દમાની તારીખ માટે નીકળવું કેવું છે ?

**સવાલ** : છેલ્લા દસકાના એઅતિકાફમાં એક વ્યકિતની કોર્ટની તારીખ છે, ત્યાં જવું જરૂરી છે તો આ સંજોગોમાં મુઅતકિફ કોર્ટમાં જઈ શકે ?

**જવાબ** : કોર્ટ માટે બહાર નીકળશે તો તેના સુન્નતે મુઅક્કદહ એઅતિકાફ રહેશે નહિ. જો મજબૂરીના લઈ નીકળે તો ગુનેહગાર નથી અને સાહિબૈન (રહ.)ના મસ્લક પ્રમાણે અગર અડધા દિવસથી વધારે બહાર રહે તો એઅતિકાફ ફાસિદ નથી. આવી મજબૂરી ઉપર તે મસ્લક ઉપર અમલ કરી શકાય છે. (ફતાવા રહીમીય્યહ ભાગ : ૫, પેજ : ૨૧૧, હવાલો તહતાવી અલ મરાકિલ ફલાહ, પેજ : ૪૬૯)

## શું મુઅતકિફ સરકારી પગાર લેવા નીકળી શકે ?

**સવાલ** : અહીં ઈંગ્લેન્ડમાં લોકો ભાગ્યે જ એઅતિકાફમાં બેસે છે. વધારે કરીને મુઅતકિફને હોય છે, જે કારખાનામાં કામ કરે છે, પણ એવા લોકોને ત્યાં જઈ સહી કરે તો જ પગાર મળે. જો ઓફિસ પર નહિ જાય તો પગાર મળે નહિ, તો શું પગાર લેવા માટે સહી કરવા જઈ શકે ?

**જવાબ** : એના વગર એનો ગુઝારો ન થઈ શકતો હોય તો અને સહી કરી તરત જ પાછો આવી શકતો હોય તો સાવચેતી માટે પાછળથી એક દિવસની કઝા પણ કરી લે અને તેના વગર ગુઝારો શકય હોય તો જવાની ઈજાઝત નથી. જશે તો

એઅતિકાફ તૂટી જશે અને તૂટવાનો ગુનોહ પણ થશે.

(ફતાવા રહીમીય્યહ ભાગ : ૬, પેજ : ૨૧૫)

## હજામત અને મુસ્તહબ ગુસલ માટે નીકળવું કેવું છે ?

**સવાલ** : મુઅતકિફ માટે એવા કામ હોય જે નઝાફત (સફાઈ)થી સંબંધ ધરાવે છે. દા. ત. માથાના વાળ કપાવવા અથવા મુસ્તહબ ગુસલ કરવા માટે મસ્જિદથી બહાર નીકળવું કેવું છે ?

**જવાબ** : મુઅતકિફ માટે માથું મુંડાવવું કે મુસ્તહબ ગુસલ કરવા માટે મસ્જિદથી બહાર નીકળવું બરાબર નથી. એઅતિકાફ ખરાબ કરવા બરાબર છે. માથું મુંડાવવું જ હોય તો એઅતિકાફની જગ્યામાં ચાદર વગેરે પાથરી માથું મુંડાવી શકે અને સંપૂર્ણ તકેદારી રાખે કે મસ્જિદમાં વાળ વગેરે પડે નહિ. (ફતાવા રહીમીય્યહ ભાગ : ૫, પેજ : ૨૦૧, આલમગીરી, ભાગ–૬, પેજ : ૨૧૫)

**નોંધ** : દસ દિવસના એઅતિકાફમાં એની જરૂરત પડતી નથી. –પ્રકાશક

## મુઅતકિફનું મસ્જિદમાં હજામત કરાવવું કેવું છે ?

**સવાલ** : મુઅતકિફ મસ્જિદમાં હજામત કરાવે તો જાઈઝ છે ?

**જવાબ** : પોતાની હજામત પોતે બનાવે તો જાઈઝ છે અને હજામથી બનાવવા વિશે ખુલાસો એ છે કે, વગર મજૂરીએ હજામત કરે. મુઅતકિફ મસ્જિદની અંદર રહે અને હજામ મસ્જિદની બહાર બેસીને હજામત કરે, મસ્જિદની અંદર પૈસા લઈ હજામત કરાવવી જાઈઝ નથી. (અહસન ફતાવા પાકિસ્તાની ભાગ : ૪, પેજ : ૫૦૬)

## શું મુઅતકિફ બીડી સિગારેટ પીવા માટે બહાર જઈ શકે ?

**સવાલ** : મુઅતકિફને બીડી પીવાની આદત છે. રાત્રે દસથી વધારે વખત બીડી પીએ છે તો શું આ તબઈ જરૂરતમાં દાખલ છે ? અને એના માટે નીકળવું શરઈ ઈજાઝત છે ? મોઢું સાફ કરે કે વુઝૂ કરે ?

**જવાબ** : એઅતિકાફ કરવાથી પહેલાં બીડી છોડવાની કોશિશ કરે, જો એમાં સફળતા ન મળે તો સંખ્યા ઘટાડે અને જો કેટલીક પીવી જ પડે તો જે વખતે પેશાબ–પાખાના (ઈસ્તિનજા) માટે જાય અથવા તહારત માટે જાય ત્યારે બીડીની હાજત પૂરી કરે. ખાસ પીવા માટે ન નીકળે, પણ જો મજબૂર થઈ જાય અને તબિયત ખરાબ થવાનો ભય હોય તો તેના માટે પણ નીકળી શકે છે કે આવી લાચારીની હાલતમાં તબઈ જરૂરત ગણાશે. તેમાં એઅતિકાફમાં દખલ કે બગાડ થશે નહિ. ફતાવા રહીમીય્યહ પેજ : ૫૭ માં છે કે, મગરિબની નમાઝ પછી મસ્જિદની બહાર જઈ બીડી પી કુલ્લી કરીને મોઢાની દુર્ગંધ દૂર કરીને ચાલ્યો આવે.

(ફતાવા રહીમીય્યહ ભાગ : ૫, પેજ : ૨૦૨)

## એઅતિકાફમાં મજબૂરીના લઈ કામ કરવું કેવું છે ?

**સવાલ** : સેવક પાસે પોસ્ટ ઓફિસનું કામ છે, શું એઅતિકાફ દરમિયાન કામ કરી શકું કે નહિ ? મોઢાથી કંઈ ના બોલું તો પણ ?

**જવાબ** : મુઅતકિફનું એઅતિકાફ માટે મસ્જિદમાં રહેવું જરૂરી છે. તેના વગર એઅતિકાફ નથી અને દુર્રે મુખ્તારમાં છે કે, મુઅતકિફે મસ્જિદમાં રહેવું જોઈએ. કુદરતી હાજત અને ગુસ્લે જનાબત માટે રજા છે, જેથી મસ્જિદની અંદર કામ કરવું અને મૌખિક વાતચીત કરવી જાઈઝ છે, પણ એ માટે બહાર નીકળવું જાઈઝ નથી અને એઅતિકાફમાં શાંત રહેવું નથી. અલબત્ત જરૂરત વિના બોલવું મકરૂહ છે. (ફતાવા દારૂલ ઉલૂમ–૬, પેજ : ૫૧૩, રદ્દુલ મુહતાર–૨, પેજ : ૧૮૫)

## મુઅતકિફ સંભોગ કરી લે તો શું હુકમ છે ?

**સવાલ** : મુઅતકિફ જો સંભોગ કરી લે તો શું હુકમ છે ?

**જવાબ** : સંભોગ (સોહબત) વગેરે કરવું જાણીજોઈને કરે કે ભૂલથી એઅતિકાફનો ખ્યાલ નહિ રહેવાના કારણે મસ્જિદની અંદર કે બહાર દરેક સંજોગોમાં એઅતિકાફ તૂટી જશે અને જે કારણો સામાન્ય રીતે સંભોગના હોય છે, જેમ કે પ્યાર કરવું, અથવા ગળે મળી ભેટવું વગેરે પણ એઅતિકાફની હાલતમાં નાજાઈઝ છે, પણ તેનાથી એઅતિકાફ તૂટતો નથી